Wednesday
17.01.2024
✻Volume :8 ✻ Issue No.175
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ બુધવાર, ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીમાં કેન્દ્રીય સહકારી મંડળીઓના કાર્યાલયના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરશે

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને સહકારિતા મંત્રીના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલયની રચના થઈ ત્યારથી સહકારી મંડળીઓના કેન્દ્રીય રજિસ્ટ્રારની કચેરીને મજબૂત કરવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે



### દેશમાં કુલ ૧૬૨૫ બહુ-રાજ્ય સહકારી મંડળીઓ નોંધાયેલી છે અને તેમની સાથે કરોડો સભ્યો સંકળાયેલા છે, નવી ઇમારત સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફિસની સરળ કામગીરીમાં મદદ કરશે

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતશાહ બુધવાર, ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪નારોજ વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નરોજી નગર, નવી દિલ્હી ખાતે કેન્દ્રીય રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓના કાર્યાલયના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાંઅને ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતશાહના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલયની રચના થઈ ત્યારથી, સહકારી મંડળીઓના કેન્દ્રીય રજિસ્ટ્રારની કચેરીને મજબૂતકરવા માટેઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. આમાં બહુ-રાજ્ય સહકારી મંડળીઓ અધિનિયમ, ૨૦૦૨ અને નિયમોમાં સુધારો, કેન્દ્રીય રજિસ્ટ્રાર કચેરીના 'ડિજિટલ પોર્ટલ'ની શરૂઆત, બહુ-રાજ્ય સહકારી મંડળીઓમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી કરાવવા માટે 'સહકારી ચૂંટણી સત્તામંડળ'ની રચનાનો સમાવેશ થાય છે. નિર્ધારિત સમયે પારદર્શક રીતે બહુ-રાજ્ય સહકારી મંડળીઓના ઓડિટર માટે બે પેનલની રચના. મલ્ટિ-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઓ માટે બાયલોઝનો ટેમ્પલેટ બનાવવો, બહુ-રાજ્ય સહકારી મંડળીઓમાં સહકારી માહિતી અધિકારીની નિમણૂક અંગેના આદેશો જારી કરવા, CEF (સહકારી શિક્ષણ ભંડોળ)ના વધુ સારા સંગ્રહ માટે CRCS પોર્ટલ બનાવવું અને ભંડોળના ઉપયોગ અને ચુકવણી, નિવારણ માટે ફરિયાદો. 'ઓમ્બડ્સમેન'નીપોસ્ટની રચના, નવી બહુ-રાજ્ય સહકારી મંડળીઓની નોંધણી માટે પ્રોત્સાહન, માર્ગદર્શન અને સમર્થન આપવા અને ઓફિસનું અલગ વહીવટી માળખું સ્થાપવા જેવા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. દેશમાં કુલ ૧૬૨૫ બહુ-રાજ્ય સહકારી મંડળીઓ નોંધાયેલી છે અને તેમની સાથે કરોડો સભ્યો સંકળાયેલાછે. સેન્ટ્રલરજિસ્ટ્રારની ઓફિસમાં અધિકારીઓ અને કર્મચારીઓને બેસવાની પર્યાપ્ત જગ્યા મળી રહે તે માટે નવી બિલ્ડીંગ બનાવવામાંઆવી છે.નવી બિલ્ડીંગ સેન્ટ્રલ રજિસ્ટ્રારની ઓફિસની સુચારૂ કામગીરીમાં મદદરૂપ થશે. સહકારી રાજ્ય મંત્રી, સહકારી મંત્રાલયના સચિવ અને નેશનલબિલ્ડીંગ કન્સ્ટ્રકશન કોર્પોરેશન (NBCC)ના મેનેજિંગ ડિરેક્ટર અને દેશભરમાંથી મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવફેડરેશન, મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઓ અને બેંકોના પ્રતિનિધિઓએ આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીઝની ઓફિસનુંનવું બિલ્ડીંગપણ હાજર રહેશે.

# માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે એસ પટેલ ની પ્રેરક ઉપસ્થિતિમાં માણસા તાલુકાના કોટવાસ અને મકાખાડ ખાતે યોજાઈ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"





કમલમ્ ન્યુઝ,
માણસા તાલુકાના કોટવાસ અને માણસા તાલુકાના મકાખાડ ખાતે યોજાઈ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે એસ પટેલ ની પ્રેરક ઉપસ્થિતિમાં લાભાર્થીઓને કરાયા લાભાન્વિત - કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચાડવા માટે આયોજિત "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" રાજ્યના જુદા જુદા તાલુકાઓમાં ફરી રહી છે ત્યારે માણસા તાલુકાના કોટવાસ અને માણસા તાલુકાના મકાખાડ ખાતે આ યાત્રા યોજાઈ હતી. માણસા વિધાનસભા ધારાસભ્યશ્રીજે એસ પટેલ ની પ્રેરક ઉપસ્થિતિમાં લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ તકે . માણસા વિધાનસભા ધારાસભ્યશ્રીજે એસ પટેલ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, નાનામાં નાના માણસથી લઈને છેવાડાનાં માણસ સુધી વિકાસના લાભો પહોંચાડવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે ત્યારે આજે વિકસિત ભારતસંકલ્પ યાત્રા થકી સરકારની અનેકવિધ યોજનાઓનાં લાભો નાગરિકોને ઘર આંગણે મળી રહ્યા છે. પાત્રતા ધરાવતા તમામ નાગરીકો યોજનાઓનાં લાભ લેવાની સાથે સાથે જરૂરિયાતમંદ નાગરીકોને જાણ કરી લાભ અપાવે તે માટે ગ્રામજનોને અનુરોધ કર્યોહતો તથા રોગો સામે રક્ષણ મેળવી સ્વસ્થ અને નિરોગી જીવન માટે રાસાયણિક કૃષિના બદલે પ્રાકૃતિક કૃષિ તરફ ખેડુતો વળે તે માટે વધુ ભાર મૂકી ખેડુતોને પ્રોત્સાહીત કર્યા હતા. કાર્યક્રમ સ્થળે પશુ આરોગ્ય કેમ્પ, સરકારની કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપતા સ્ટોલ, હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ તથા ગામની સશકત કિશોરી, તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીર, સ્થાનિક કલાકારીગરને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા શપથ ગ્રહણ કર્યા હતા. , માણસા તાલુકાના મકાખાડ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત કાર્યક્રમમાં સરકારી યોજનાઓ વિશે માહિતી આપી તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને મળતા લાભોનું વિતરણ કર્યુ આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના પદાધિકારીઓ આગેવાનશ્રીઓ . સંબધિતવિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૬ જાન્યુઆરી-રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસે

# શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે "ધ સ્ટાર્ટઅપ ગાઈડ" ના કવર પેજનું અનાવરણ કર્યુ



- સ્કુલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ દ્વારા સ્ટાર્ટઅપ ગાઈડ લોન્ચ કરાશે
- ઈનોવેશન ક્ષેત્રે કંઈક નવું કરવા ઈચ્છતા ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપ ગાઈડ બનશે રોડ મેપ

કમલમ્ ન્યુઝ,
રાજ્યના વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે વધુ પ્રોત્સાહન આપવાના હેતુસર સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP 2.0)ને અમલમાં મુકી છે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી, સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે જોડાયેલા શબ્દો, પોલીસીથી મળતા લાભ અને તે લાભ વિશે કેવીરીતે અરજી કરી શકાશે તે સહિતની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સાથે જોડાયેલી તમામ માહિતીથી વિદ્યાર્થીઓ માહિતગાર થઈશકે તેહેતુથી સ્કુલ પ્રોજેકટમેનેજમેન્ટ યુનિટદ્વારા "ધ સ્ટાર્ટઅપ ગાઈડ" લોન્ચ કરવામાં આવશે. ગાંધીનગરખાતેથી રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમીત્તે શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે "ધસ્ટાર્ટઅપ ગાઈડ"નુંકવર પેજ લોન્ચ કર્યુ હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાની દિશામાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ખુબ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે ત્યારે યુવાનો અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે વધુ પ્રોત્સાહન આપવાના હેતુસર સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP 2.0)ને અમલમાં મુકી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના અને ગુજરાતના યુવાનોમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન થકી તેમનામાં રહેલી સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા અને દેશભરના વિવિધ ક્ષેત્રોના સ્ટાર્ટઅપ અને સ્ટાર્ટઅપ બિઝનેસને પ્રોત્સાહન આપવા ૧૬ જાન્યુઆરીને રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી. સ્કુલ પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવેલી "ધ સ્ટાર્ટઅપ ગાઈડ" માં ધો. ૬ થી૧૨ના તમામ વિદ્યાર્થીઓ જેઓ ઈનોવેશન થકી કઈક નવું કરવા ઈચ્છે છે તેના માટે રોડમેપનું કામ કરશે. સ્કુલ પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ SSIP 2.0નીદેખરેખ અને અમલીકરણનું કામ કરશે. અત્રે ઉલ્લેખનીયછે કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP 2.0) અંતર્ગત ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૨૦ હજાર સુધીની સહાય આપવામાં આવશે.

# કચ્છ યુનિવર્સિટી ખાતે હમીરજી રત્નુ લોક સાહિત્ય કેન્દ્ર દ્વારા આયોજિત રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદમાં સહભાગી થતા કેન્દ્રિય પશુપાલન મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલા

## ભૌતિક વિકાસની સાથે સાંસ્કૃતિક વિકાસ પણ જરૂરી - કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલા







કમલમ્ન્યુઝ,ભુજ,
કેન્દ્રિય પશુપાલન, ડેરી અને મત્સ્યોઉદ્યોગ મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ ક્રાંતિગુરૂ શ્યામજીકૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે હમીરજી રત્નુ લોક સાહિત્ય કેન્દ્ર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના ચારણી સાહિત્ય પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. કેન્દ્રિય મંત્રીશ્રી રૂપાલાએ કચ્છ યુનિવર્સિટી પરિસરમાં રાજકવિશ્રી હમીરજી રત્નુની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. કેન્દ્રિય મંત્રીશ્રી રૂપાલાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકાર તમામ ભાષાઅને લોક સાહિત્યનું સમાન રીતે સંવર્ધન થાય તે માટે પ્રયાસ કરી રહી છે. શ્રી રૂપાલાએ ઉમેર્યું કે, દેશમાં અમૃતકાળની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ભૌતિક વિકાસની સાથે સાંસ્કૃતિક વિકાસ થાય તે પણ જરૂરી છે. લોકસાહિત્યને જીવનના ધબકાર સમુ ગણાવીને શ્રી રૂપાલાએ કહ્યું કે, જીવન જીવવાનીરીત, સંસ્કારોનુ સિંચન લોક સાહિત્યમાંથીથાય છે. લોક સાહિત્યના સંવર્ધન માટે પ્રમાણિક પ્રયાસો કરવાનો કેન્દ્રિય મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કચ્છ યુનિવર્સિટી ખાતે કાર્યરત હમીરજીરત્નુ લોકસાહિત્ય કેન્દ્રનના પ્રયાસોને શ્રી રૂપાલાએ બિરદાવ્યા હતા. શ્રી રૂપાલાએ વધુમાં ઉમેર્યું કે, આ કેન્દ્રના માધ્યમથી હમીરજી રત્નુના જીવન સહિત તેમના દ્વારા રચાયેલા લોક સાહિત્યના સંવર્ધન માટે નવી દિશાઓ ખુલી છે. મંચ પરથી શ્રી રૂપાલાએ શ્રી શંભુદાન ઈશરદાન ગઢવીમેમોરિયલ ટ્રસ્ટ, ભુજ અને શ્રી શિવશક્તિ સ્ટડી સેન્ટરની કામગીરીની પ્રસંશા કરી હતી. કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદ ચાવડાએ આ ચારણી સાહિત્ય પરિસંવાદને ત્રિવેણી સંગમ સમાન ગણાવ્યો હતો.

હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રની સાહિત્ય સંવર્ધનની કામગીરીસહિતનીપ્રવૃત્તિઓને શ્રી ચાવડાએ આવકારી હતી. રાજસ્થાનના પૂર્વ સાંસદશ્રી ઓમકારસિંહ લોખાવત અને પદ્મશ્રી ડૉ. સી.પી. દેવલે પરિસંવાદના વિષયને અનુરૂપ રાજકવિશ્રી હમીરજી રત્નુના જીવન, તેમની રચનાઓ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રના નિયામક ડૉ. કાશ્મીરા મહેતાએ સંસ્થાના કાર્યો વિશે સૌને માહિતગાર કરીને આવકાર આપ્યો હતો. કેન્દ્રિય મંત્રીશ્રી રૂપાલા સહિત મહાનુભાવોએ 'ચારણી સાહિત્યનું વર્તમાનપરિપ્રેક્ષ્ય અને સંવર્ધન' બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં સહભાગી થઈને કચ્છી વાર્તાઓ, સોવેનિયર સહિત કુલત્રણ પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલ, પૂર્વ સાંસદશ્રી પુષ્પદાન ગઢવી, પૂર્વ રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર, કચ્છ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી જી.એમ.બુટાણી, જિલ્લા પશુપાલન અધિકારીશ્રી હરેશ ઠક્કર સહિત ચારણી સાહિત્યકારો, સંશોધકો, કચ્છ યુનિવર્સિટીનો સ્ટાફ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspape-29-12-2023

